**શક્તિસિંહ ગોહિલ** (MLA)
**ચેરમેન**
જાહેર હિસાબ સમિતિ,
ગુજરાત વિધાનસભા
પૂર્વ વિપક્ષનેતા, ગુજરાત રાજ્ય,
પૂર્વ મંત્રી, નાણા, શિક્ષણ અને આરોગ્ય, ગુજરાત રાજ્ય

विधानसभा
सत्यमेव जयते
गुजरात

ટેલી/ફેક્સ. ૦૭૯-૨૬૮૫૯૫૫૫
email:officeofshaktisinh@gmail.com
Website:http://www.shaktisinhgohil.com

સ્નેહીશ્રી,

શ્રી શક્તિસિંહ ગોહિલે આજે ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે પ્રેસ અને મીડિયાને સંબોધન કરેલ તે અંગેના જરૂરી દસ્તાવેજો તથા મુદ્દાઓ આ સાથે મોકલું છું. તો આપશ્રીના સુપ્રસિદ્ધ વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ કરી આભારી કરશો.

(સુનિલ રામી)
અંગત મદદનીશ

---

## <u>પ્રેસ અને મીડિયા માટે નોંધ</u>

(૧) ટપક પદ્ધતિના નામે ૨૩૪ કરોડ રૂપિયાનો ભષ્ટ્રાચાર.

(૨) જી.જી.આર.સી. માન્ય કંપની બજાર ભાવ કરતા ખેડૂતો પાસેથી અને સરકાર પાસેથી ૨૩૪ કરોડ રૂપિયા વધારે પડાવે છે. ( આ અંગેની વિગતો પાનાં નંબર – ૧ થી ૩ ઉપર સામેલ છે.)

(૩) કેન્દ્ર સરકારે ખેડૂતોને સસ્તુ ખાતર આપવા ૩૦૦ કરોડ રૂપિયા GSFC ને આપેલા તે ખવાય ગયા. (આ અંગેનું આધારભુત ડોકયુમેન્ટ પાનાં નંબર – ૪ ઉપર છે.)

(૪) કરોડો રૂપિયાની કિમંતી જમીન ૨૧ કરોડ ૬૭ લાખના વાર્ષિક ભાડાથી આપવાનું મંતવ્ય મહેસુલ વિભાગ અને નાણાં વિભાગનું હોવા છતા જમીન ૧ રૂપિયાના ટોકન દર થી ૩૫ વર્ષના ભાડાપટ્ટે આપી ૭૦૦ કરોડનો ભષ્ટ્રાચાર કર્યો તે અંગેની સંપૂર્ણ વિગતો પાનાં નંબર- ૫ થી ૯ ઉપર છે.)

(૫) ગુજરાત સરકારની રાજવિત્તય મોટી ખાધ અને વધતા જતા દેવાની વિગતો પાનાં નંબર ૧૦ પર છે.

**ઓફીસ સરનામું:**
૪૦૧, ચોથા માળે, ગુજરાત વિધાનસભા, સેકટર-૧૦, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨ ૫૩૦૬૦, ૦૭૯-૨૩૨ ૨૧૮૭૨.
**અમદાવાદ સરનામું:**
૨૦૨, રાજવી ટાવર, રાજવંશ બીલ્ડીંગ, સત્યમાર્ગ, બોડકદેવ, અમદાવાદ, પીનકોડ- ૩૮૦૦૫૪.
**ગાંધીનગર સરનામું:**
પ્લોટ નં. ૩૨, સેકટર-૧૯, ગાંધીનગર,, પીનકોડ નં.- ૩૮૨૦૧૯.

૧

# મુદો-1 જી.જી.આર.સી. ના ભાવ અને બજાર ભાવ બાબત

- હાલ ના જીજીઆરસી ના ભાવ બજાર ના ભાવ કરતા વધારે વસુલ કરવામાં આવે છે .
- એ બાબતની સાબિતી રૂપે જી.જી.આર.સી. માન્ય કંપનીઓએ અને અન્ય કંપનીઓએ આપેલ ભાવ, જી.જી.આર.સી. નું હાલનું જે ભાવ પત્રક છે તેની સાથે બજાર ભાવ સાથે સરખામણી કરતુ ભાવ પત્રક અને 1-હે. ના ટીપીકલ વિસ્તાર માટે નું જી.જી.આર.સી. ના ભાવ પ્રમાણે અને જી.જી.આર.સી. માન્ય કંપનીઓએ અને અન્ય કંપનીઓએ આપેલ ભાવ પ્રમાણેનું ટપક પદ્ધતિનું કવોટેશન જોડેલ છે.
- કોય ખેડૂતે ટપક વસાવવું હોય તો તેના ખેતરના સર્વે અને ડીઝાઇન પ્રમાણે જે કવોટેશન બને તેમાં 80% રકમ ડ્રીપ લાઈન એટલે કે ટપક ની નળી ની છે. તેથી કંપનીઓને વધુ નફો લેવાની તક ટપક ની નળી માં આપવામાં આવે છે.
- જી.જી.આર.સી. ના ટપક ના ભાવ પત્રકમાં પી.વી.સી. પાઈપ એવી વસ્તુ છે કે જે ખેડૂતોને નજીકની દુકાનમાં સરળતાથી મળે છે અને ખેડૂતોને તેના ભાવ ખ્યાલ હોય છે માટે પી.વી.સી. પાઈપ ના ભાવ બજાર કરતા માયનોર ઓછા રાખેલ છે.
- જી.જી.આર.સી. ના ભાવ એ બજાર ભાવ કરતા વધારે છે તેની એક સાબિતી એ પણ છે કે જી.જી.આર.સી. માન્ય કંપનીઓ જે કવોટેશન બનાવે તેમાં ખેડૂતોને 10% થી લયને 20% સુધીના ડિસ્કાઉન્ટ આપે છે તો કંપનીઓ ડિસ્કાઉન્ટ ત્યારેજ આપી સકે કે જયારે જી.જી.આર.સી. ના ભાવ એ બજાર ભાવ કરતા વધારે હોય.
- 1-હે. ના ટીપીકલ નકશા માટે જી.જી.આર.સી. ના અને બજાર ના ભાવ બને પ્રમાણે ટપક નું કવોટેશન બનાવી જોડેલ છે. તે પ્રમાણે 1-હે. કુલ 23566.28 રૂપિયા વધારે થાય છે તો ગુજરાત માં વર્ષે કુલ 100000 હે. નું ટપક થાય છે તેવું ગણીએ તો 1178313757 (117 કરોડ) રૂપિયા સરકારના અને 1178313757(117કરોડ) ખેડૂતોના રૂપિયા બજાર ભાવ અને જીજીઆરસી ઉચા ભાવ ને કારણે વર્ષે એવરેજ (૨૩૪ કરોડ રૂપિયા ) કંપની ઓને વધારાનો નફો કમાવવા માટે જાય છે.

## મુદ્દો-2 તત્કાલ વીજ જોડાણ અને વીજ જોડાણ સાથે ટપક ફરજીયાત

- ખેડૂતોને વીજ જોડાણ આપવા માટે તત્કાલ યોજના સાથે જી.જી.આર.સી.ની ટપક નો સમાવેશ એ કુદરત અને ખેતીની વસ્તુના ભાવ સામે કાયમી માટે લડતા ખેડૂતો માટે "પડ્યા પર પાટું" સમાન છે.

- તત્કાલ યોજનામાં ખેડૂતોને વીજ જોડાણ આપવા હોય તો ટપક ફરજીયાત ના કરવું જોયીયે. કેમ કે, તત્કાલ યોજનાને કારણે ખેડૂતો ઊંચું કવોટેશન તો ભરેજ છે તેની સામે ટપક નો પણ ખુબ મોટો ખર્ચ કરવો પડે છે. તત્કાલ યોજનામાં ટપક ફરજીયાત રાખવી હોય તો કવોટેશન નો ચાર્જ નોર્મલ પ્રમાણે રાખવો જોયીયે.

- તત્કાલ યોજનામાં ટપક ફરજીયાત રાખવા માં પણ સરકાર અને કંપનીઓની મિલી ભગત ને કારણેજ થાય છે. કેમ કે, ખેડૂતો માટે તો વીજ જોડાણ માટે, આ સિવાય કોય રસ્તો રહેતો નથી માટે તે વ્યાજે કે ઉછીના-ઉધાર કરીને પણ ખર્ચો કરવાનો.

- તત્કાલ યોજનામાં ખેડૂતોને ટપક ફરજીયાત મળે છે તેમાં 80% ખેડૂતો ટપક ઉપયોગ કરતા નથી કેમ કે તેનો હેતુ ખાલી વીજ જોડાણ પુરતો હતો એટલે તે ટપક કા ભંગાર માં જાય છે અથવા કંપનીઓ પરત લય લે છે અને સબસીડી નો ફાયદો ખાલી જી.જી.આર.સી. માન્ય કંપનીઓને થાય છે.

- તત્કાલ યોજનામાં ખેડૂતોને ત્યાં પણ છેતરવા માં આવે છે કે, જાહેરાત માં એમ કેવા માં આવે છે કે પાક ને અનુરૂપ સુક્ષ્મ સિંચાઈ વસાવવી પણ જયારે અરજી કરવા માં આવે છે ત્યારે હો.પા. આધારિત સુક્ષ્મ સિંચાઈ વસાવવી તેમ કેવા માં આવે છે. ખેડૂતો ફુવારા પદ્ધતિ વસાવે તો 10-15 હજાર માં પતીજાય છે અને ટપક વસાવે તો 1-હે. 60 હજારનો ખર્ચો ખેડૂતોને થાય છે, કુલ ખર્ચ ખેડૂત પાસે કેટલી જમીન છે તેના પર આધાર રાખે

## મુદ્દો-3 સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિનું ફીટીંગ થયા પછી થર્ડ પાર્ટી ના ઇન્સ્પેકશન બાબત

- જી.જી.આર.સી.એ સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિના ચેકિંગ માટે થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન એજન્સીઓ નિમેલ છે અને તેને સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિના કુલ ખર્ચના 0.5% જેવી રકમ ફી ચુકવવામાં આવે છે અને તે ખર્ચ પણ ખેડૂતો પાસે વસુલવામાં આવે છે.
- થર્ડ પાર્ટી જે ચેકિંગ કરે છે તેનું પણ જી.જી.આર.સી.મારફત કોય રેન્ડમલી ચેકિંગ થતું નથી. થર્ડ પાર્ટી ઉપર જી.જી.આર.સી.મારફત રેન્ડમલી ચેકિંગ થતું હોત તો હકીકત માં ટપક વસાવનાર સિવાયના વીજ જોડાણ વાળા ખેડૂતો પાસેથી ટપક પછી કંપનીઓ પાસે કે ભંગાર માં ના જાત.

(3)

| Extemeted Lost for 1-Ha drip Installation | | | |
|---|---|---|---|
| | As par OPEN Market Rate | As par GGRC | Difference |
| Total | 91,538.85 | 115,105.13 | 23,566.28 |
| Subsidy | 45,769.43 | 57,552.56 | 11,783.14 |
| Farmer | 45,769.43 | 57,552.56 | 11,783.14 |

| Extemeted Lost for 1-Lakh Ha drip Installation in Gujarat State | | | | |
|---|---|---|---|---|
| Losses based on Difference per hactor to both govt. and farmer | | Losses as per 1-Lakh Ha drip per year in Gujarat | | |
| Government Losses due to subsidy | Farmer's Loss per 1 Ha | Total | Govt | Farmer |
| 11,783.14 | 11,783.14 | 2,356,627,514.32 | 1,178,313,757.16 | 1,178,313,757.16 |

(3)

(4)

No. 22011/38/2008-MPR
Government of India
Ministry of Chemicals & Fertilizers
Department of Fertilizers

Shastri Bhawan, New Delhi
Dated the 18th March, 2013

**OFFICE MEMORANDUM**

Subject: Payment of subsidy to M/s Gujarat State Fertilizers & Chemicals Ltd. (GSFC) on Ammonium Sulphate under Nutrient Based Subsidy Policy.

The undersigned is directed to state that the issue of payment of subsidy to M/s Gujarat State Fertilizers & Chemicals Ltd. (GSFC) on Ammonium Sulphate under Nutrient Based Subsidy Policy has been under examination of the Department for some time. Fertilizer subsidy is paid by the Government to make available fertilizers at lower prices to the farmers. The subsidy which is meant for farmers is paid to the companies for transferring the same to the farmers in the form of reduced MRP of fertilizers.

Prior to 1.4.2010, subsidy to the fertilizer companies were paid under the Concession scheme, under which the MRP of fertilizers was fixed by the Government and difference in normated delivered cost and the MRP was paid as subsidy to the company.

M/s GSFC had then pointed out that MRP of Ammonium Sulphate fixed by the Government was high and farmers were showing resistance to such high MRP affecting their sales. Accordingly, GSFC voluntarily opted out of concession scheme w.e.f 1.4.2009 for Ammonium Sulphate which enabled them to fix their own MRP, state wise, depending on the production cost and freight incurred. Therefore, GSFC was out of concession scheme for Ammonium Sulphate grade of fertilizer w.e.f 1.4.2009.

W.e.f 1.4.2010, the subsidy on P&K fertilizers is being paid under Nutrient Based Subsidy (NBS) Policy, under which a fixed subsidy decided on annual basis, is provided on subsidized fertilizers as per their nutrient content. The MRP is allowed to be fixed by fertilizer companies at reasonable level. Ammonium Sulphate (Caprolactum Grade) produced by M/s Gujarat State Fertilizer Corporation is eligible for subsidy under the scheme.

M/S GSFC have received subsidy under NBS Policy w.e.f 1.4.2010. However it was noticed that in spite of getting subsidy under NBS Policy, the MRP fixed by the company continued to remain at same level. In other words, the subsidy paid by the Government to M/s GSFC has not been passed on to the farmers by the company. This defeated the very purpose for which the subsidy is paid by the Government. The GSFC has not provided any data and justification to substantiate that subsidy paid by Government has not resulted in undue gains to the company.

Accordingly, after careful examination of the matter, it has been decided to recover the subsidy already paid to GSFC on account of Ammonium sulphate w.e.f 1.4.2010 to till date and not to pay any further subsidy to the company against any remaining or future claims on this grade of fertilizer. For the purpose of recovery, subsidy paid on the inventory of stocks of Ammonium Sulphate as on 1.4.2010 and on the quantities of Ammonium Sulphate produced and sold on or after 1.4.2010 shall be considered.

(P.B. Sahu)
Under Secretary to the Government of India
Tel: 23381794

Department of Fertilizers
Director (Fertilizer Accounts),
Udyog Bhavan, 5th Floor, New Delhi-110 001.

Copy to:

The Managing Director, Gujarat State Fertilizers &. Chemicals Ltd., Fertilizer Nagar, District- Vadodara (Gujarat).

**શ્રી શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય**

રાષ્ટ્રીય પ્રવક્તા, એ.આઈ.સી.સી અને ધારાસભ્ય, અબડાસા

http://www.shaktisinhgohil.com

**અખબારીયાદી** **તા. ૨૭.૦૩.૨૦૧૫**

અમદાવાદના મધ્યમાં આવેલી ૧૪૪ કરોડ ૫૦ લાખ ૪૬ હજાર ૨૦૦ રૂપિયાની અતિ મુલ્યવાન જમીન ભાજપની સરકારે મફતના ભાવે એસ.ઈ.ટ્રાન્સસ્ટેડીયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીને આપી દીધી છે. ખુબજ મોટો ભષ્ટ્રાચાર કરીને સરકારના મહેસુલ વિભાગ તથા નાણાં વિભાગની ભલામણોથી સદંતર વિરુધ જઈને ભાજપની કેબિનેટે મફતના ભાવે કરોડો રૂપિયાની જમીન આપી દીધા અંગેના દસ્તાવેજી પુરાવાઓ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અને ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલે પ્રેસ અને મીડિયાને આપ્યા હતા. સરકારની કોઈ પણ જમીન કોઈને પણ આપતા પહેલા જે કારણોસર જમીન આપવાની હોય તેના માટે ઈચ્છા ધરાવતા લોકોની માંગણીઓ મંગાવીને સૌથી ઉંચી બોલી બોલનારને સરકારના નિતી નિયમો મુજબ જો જરૂરી હોય તો જ સરકારી મિલકતો આપી શકાય. ગુજરાતની ભાજપની સરકારે કોઈ પણ જાતની આવી પારદર્શક ટેન્ડરની પ્રકિયા કર્યા વગર બંધ બારણે માત્ર બે જ વર્ષ પહેલા કંપની એક્ટ નીચે નોંધાયેલી નવી કંપની સાથે કંપનીને જ ફાયદો થાય તેવું M.O.U કર્યુ હતુ. આ કંપનીને અમદાવાદના ખુબજ વિકસિત અને જ્યાં જમીનોની કિંમતો આસમાને છે તેવા વિસ્તારમાં ૪ લાખ ૨ હજાર ૨૯૪.૮૮ ચોરસ ફૂટ જમીન આપી દીધી. ગુજરાત સરકારના મહેસુલ વિભાગ તથા નાણાં વિભાગે સ્પષ્ટ મંતવ્ય આપ્યું હતુ કે, જમીનની કિંમત મૂલ્યાંકન સમિતિ નક્કી કરે અને ત્યાર બાદ લીઝનું ભાડું નિયમોસર નક્કી કરીને જ  જમીન આપી શકાય. આ નિર્ણય બાદ રાજ્ય મૂલ્યાંકન સમિતિએ પ્રતિ ચો.મી. ૩૮ હજાર ૬૫૦ રૂપિયા કિંમત નક્કી કરી હતી અને તે કિંમતે ૩૭ હજાર ૩૮૮ ચો.મી. જમીનની કુલ કિંમત ૧૪૪ કરોડ ૫૦ લાખ ૪૬ હજાર ૨૦૦ રૂપિયા થાય. આ કિંમતની જમીન ભાડેથી આપવા માટે સરકારના

નિયમો પ્રમાણે કિંમતના ૧૫% પ્રમાણે વાર્ષિક ભાડું ૨૧ કરોડ ૬૭ લાખ ૫૬ હજાર ૯૩૦ રૂપિયા થાય અને તે ભાડું વસૂલ કરવું જોઈએ તેવુ ગુજરાત સરકારના મહેસુલ વિભાગ તેમજ નાણાં વિભાગે સ્પષ્ટ જણાવ્યું હતું. (મંત્રી મંડળને આપવામાં આવેલી નોંધમાં મહેસુલ વિભાગ તથા નાણાં વિભાગનું મંતવ્ય દર્શાવતી મંત્રી મંડળની નોંધની નકલો શ્રી ગોહિલે પ્રેસ અને મીડિયાને આપી હતી.) રાજ્યની ભાજપની સરકારની કેબિનેટે પોતાના જ વિભાગના મહેસુલ વિભાગ અને નાણાં વિભાગની ભલામણ મુજબ ૨૧ કરોડ ૬૭ લાખ રૂપિયા વાર્ષિક ભાડું લેવાના બદલે જમીનનું ભાડું એક ચોરસ મીટરનું એક વર્ષનું માત્ર એક જ રૂપિયો લેવુ તેવુ ઠરાવીને માનીતી કંપનીને માત્ર ૪ લાખ ૨ હજાર ૨૯૪ રૂપિયામાં ૩૫ વર્ષની લાંબી લીઝ ઉપર જમીન આપી દઈને ખુબ મોટો ભષ્ટ્રાચાર કર્યો છે.

આમ ગુજરાત સરકારના મહેસુલ વિભાગ અને નાણાં વિભાગે જે જમીનનું વાર્ષિક ભાડું ૨૧,૬૮,૫૬,૯૩૦ રૂપિયા (એકવીસ કરોડ સડસઠ લાખ છપ્પન હજર નવસો ત્રીસ રૂપિયા) લેવાનું કહ્યું હતુ તે જમીન ગુજરાતની ભાજપની કેબિનેટે ઠરાવ કરીને માત્ર ૪ લાખ રૂપિયા જ વાર્ષિક ભાડું લેવાનો ઠરાવ કરી માનીતી કંપનીને જમીન આપી દીધી. આમ દર વર્ષે ૨૧ કરોડ અને ૬૩ લાખ રૂપિયાનું પ્રજાની તિજોરીને નુકશાન કર્યું છે અને ભાજપે મોટો ભષ્ટ્રાચાર કર્યો છે. આ જમીન ૩૫ વર્ષના લાંબા ભાડાપટ્ટાથી આપી દેવામાં આવી છે અને તેથી ૩૫ વર્ષનો હિસાબ કરીએ તો સાડી સાતસો કરોડ રૂપિયા કર્તા વધારે નુકશાન પ્રજાની તિજોરીને કરવામાં આવ્યું છે. મંત્રી મંડળની બેઠકમાં થયેલા ઠરાવમાં આટલી મોટી લુંટ ચલાવવા માટેનું કોઈ કારણ દર્શાવવામાં આવ્યું નથી. કમનસીબી અને ભષ્ટ્રાચારનો સૌથી મોટો પુરાવો તો એ છે કે આ કંપનીને કરોડો રૂપિયાની આ જમીનમાં હોટેલ, રેસ્ટોરન્ટ, શોપિંગ સેન્ટર, પાર્કિંગ અને ક્લબ હાઉસ જેવા આવક મેળવવાના અને વેપાર કરવાના મોટા સાધનો ઉભા કરી દેવાની પણ છુટ આપી દેવામાં આવી છે. કંપની પોતાનો હિસ્સો ઘટાડી શકે તે માટેની પણ છુટ આપી દેવમાં આવી છે. એનો અર્થ એ થયો કે અત્યંત મુલ્યવાન જમીન ૩૫ વર્ષના ભાડા પટ્ટાથી માત્ર એક રૂપિયો

એક ફૂટનો એક વર્ષે દેવાની નજીવી કિંમતમાં લીધા પછી આજ કંપની કરોડો રૂપિયામાં મિલકત બીજાને ટ્રાન્સફર કરી શકશે. ભારતીય જનતા પક્ષની સરકારનો આ મોટો ભષ્ટ્રાચાર આધારભુત પુરાવાઓ સાથે શ્રી ગોહિલે પ્રેસ અને મીડિયા સમક્ષ રજુ કર્યો હતો.

કંપનીની કરોડો રૂપિયાની આવકો પછી માત્ર ૨% રકમ રમત-ગમત ક્ષેત્રે અને તે પણ કંપનીને ઠીક લાગે તે રીતે વાપરવાની એક શરત સરકારે મૂકી છે. હક્કિતમાં અત્યંત કિંમતી જમીન પડાવી લેવાનું ષડયંત્ર ભારતીય જનતા પાર્ટી એ ઉભું કરીને કરોડો રૂપિયાનો ભષ્ટ્રાચાર કર્યો છે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. શક્તિસિંહ ગોહિલે વિનંતી કરેલ છે.

**(સુનિલ રામી)**

અંગત મદદનીશ

(૮)

એમ.ઓ.યુ.-૧૦૨૦૧૦-૪૨૪૪૬-સ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ / સ શાખા

**મંત્રી મંડળની વિચારણા માટેની નોંધ**

વિષય :- એસ.ઈ.ટ્રાન્સસ્ટેડીયા પ્રાઈવેટ લિમિટેડ કંપની, મુંબઈને વર્ષ-૨૦૦૯માં થયેલ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (M.O.U.) અન્વયે એક વિશાળ બહુહેતૂક સ્પોર્ટ્સ સ્ટેડીયમ અને રીક્રીએશન સંકુલ બનાવવા માટે અમદાવાદ શહેરની ૩૭,૩૮૮ ચો.મી. જમીન લીઝથી ફાળવવા બાબત.

નોંધ :-

સને ૨૦૦૯માં ગુજરાત સરકાર, ગુજરાત પ્રવાસન નિગમ લિ. અને એસ.ઈ.ટ્રાન્સસ્ટેડીયા પ્રાઈવેટ લિમિટેડ કંપની, મુંબઈ વચ્ચે રમતગમત ક્ષેત્ર માટે અમદાવાદ શહેરના કાંકરિયા ખાતે આવેલ જૂની આબાદ ડેરીની જગ્યાની જમીન ઉપર એક વિશાળ બહુહેતૂક સ્પોર્ટ્સ સ્ટેડીયમ અને રીક્રીએશન સંકુલ બનાવવા માટે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (M.O.U.) કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ અને કંપની સાથેના કન્સેશન એગ્રીમેન્ટની ચકાસણી અને વિગતવાર ચર્ચા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ (G.I.D.B.) ગાંધીનગરની કારોબારીની સમિતિ દ્વારા તેઓશ્રીની ૫૨ થી ૫૫ મી બેઠકમાં અનુક્રમે તા. ૧૧/૨/૨૦૦૯, તા. ૩૦/૧૨/૦૯ અને તા. ૨૭/૪/૧૦ના રોજ થયેલ છે.

**મહેસુલ વિભાગનું અને નાણાકિય સલાહકારશ્રીના મંતવ્ય** :-

નીચે દર્શાવેલ શરતોએ જમીન ફાળવવા મંતવ્ય દર્શાવેલ છે.

(અ) જમીનનું ભાડું બજાર કિંમતના ૧૫% લેવાની જોગવાઈ છે તથા દર પાંચ વર્ષે સમીક્ષા કરી નવેસરથી કિંમત નક્કી કરી ભાડું નક્કી કરવાનું રહે છે.

પ્રસ્તુત પ્રકરણે જમીનની કિંમત રાજ્ય મૂલ્યાંકન સમિતિની તા. ૬-૭-૨૦૧૦ની બેઠકમાં પ્રતિ ચો.મી. રૂપિયા ૩૮,૬૫૦/- નક્કી કરેલ છે. તે મુજબ સવાલવાળી ૩૭,૩૮૮ ચો.મી. જમીનની કુલ કિંમત રૂપિયા ૧,૪૪,૫૦,૪૬,૨૦૦/- થાય છે. આ કિંમતના ૧૫% પ્રમાણે વાર્ષિક ભાડું રૂપિયા ૨૧,૬૭,૫૬,૯૩૦/- થાય છે.

(બ) જમીન ફાળવણીના હુકમ મુજબ કોઈપણ પ્રકારે તબદીલ કે હેતુફેર કરી શકાશે નહિ.

(ક) જમીનનો બે વર્ષમાં ઉપયોગ કરવાનો રહેશે.

(ડ) જમીન જે હેતુ માટે ફાળવવામાં આવી છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

(ઈ) કલેક્ટરશ્રીની પૂર્વમંજૂરી સિવાય આ જમીન વેચાણ, ગીરો કે ભાડાપટ્ટે આપી શકાશે નહિ.

(ફ) આ જમીનની નવી અવિભાજ્ય વિક્રિયાદી નિયંત્રિત શરતોવાળી રહેશે.

(C)

એસ.ઈ.ટ્રાન્સસ્ટેડીયા પ્રાઈવેટ લિમિટેડ કંપની, મુંબઈને બહુહેતૂક સ્પોર્ટ્સ સ્ટેડીયમ અને રીક્રીએશન સંકુલ બનાવવા માટે અમદાવાદ શહેરની ૪,૦૨,૨૯૪.૮૮ ચોરસ ફૂટ જમીન લીઝથી ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરવા ક્રમાંક : એમઓયુ-૧૦-૨૦૧૦-૪૨૪૪-સ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮-૩-૨૦૧૧

વંચાણે લીધા :
(૧) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાંક-જીઆઈડીબી-૫૫-ઈસી-એસઈસી-૨૦૧૦-૮૧૪, તા. ૨૬-૪-૨૦૧૦
(૨) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાંક-જીઆઈડીબી-૫૫-ઈસી-એસઈસી-૨૦૧૦-૮૨૭, તા. ૧૧-૫-૨૦૧૦
(૩) સામાન્ય વહીવટ વિભાગના ખાનગી પત્ર ક્રમાંક-મબપ-૧૦-૨૦૧૧(૧૦)-કેયુ, તા. ૨૪-૨-૨૦૧૧

<u>ઠરાવ</u>

પુખ્ત વિચારણાના અંતે અમદાવાદ શહેરના મોજે રાજપુર-હીરપુર તા. સીટીના ટી.પી.-૨ ફાઈનલ પ્લોટ-૧૭૮, ૧૭૯, ૧૮૦ અને ૧૮૧ની કુલ ૩૭,૩૮૮ ચોરસ મીટર જમીન (૪,૦૨,૨૯૪.૮૮ ચોરસ ફૂટ) જમીન એક ચોરસ ફૂટ માટે વાર્ષિક એક રૂપિયાના ટોકન ભાડાના દરથી એટલે કે રૂપિયા ૪,૦૨,૨૯૪.૮૮/-ના વાર્ષિક ભાડાથી જમીનનો કબજો સોંપવામાં આવે તે તારીખથી ૩૫ વર્ષના લીઝ ઉપર આપવાનું ઠરાવવામાં આવે છે. દર ત્રણ વર્ષે આગલા વર્ષની ભાડાની રકમ કરતાં ૧૦%ની રકમનો વધારો ભાડાની રકમમાં થશે તેમ પણ ઠરાવવામાં આવે છે.

## ૪. મધ્યમ મુદતીય રાજવિત્તીય નીતિવિષયક નિવેદન

નિવેદન-ક:૧

(જુઓ નિયમ -૪)

મધ્યમ મુદતીય રાજવિત્તીય નીતિવિષયક નિવેદન

ક. રાજવિત્તીય સૂચકો - ક્રમવર્તી લક્ષ્યાંકો

| ક્રમ | વિગત | અગાઉનું વર્ષ | | ચાલુ વર્ષ | | આગામી વર્ષ | પછીના બે વર્ષના લક્ષ્યાંકો | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (અં.) | ૨૦૧૪-૧૫ (સુ.અં.) | ૨૦૧૫-૧૬ (અં.) | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ |
| ૧ | રાજવિત્તીય ખાધ (-) (રૂ. કરોડમાં) | -૧૬૪૯૨ | -૧૮૪૨૩ | -૨૧૭૧૫ | -૧૮૩૪૭ | -૨૨૦૪૯ | -૨૮૧૨૮ | -૩૨૨૦૬ |
| 2 | જાહેર દેવું (રૂ. કરોડમાં) | ૧૩૬૩૬૭ | ૧૪૯૫૦૬ | ૧૬૯૫૩૮ | ૧૬૫૭૪૨ | ૧૮૪૬૬૭ | ૨૦૪૬૬૭ | ૨૨૪૬૬૭ |

સ્તોત્ર : સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો અને અંદાજપત્રો પ્રકાશનો.